# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૧/૦૩/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વૈશ્વિક સ્તરે વધી રહેલી એમએમએફ ટેકસટાઇલની માંગને જોતા બાંગ્લાદેશને ચોકકસપણે સુરત તરફ ધ્યાન કરવું પડશે : બાંગ્લાદેશ પ્રતિનિધી મંડળ

## બાંગ્લાદેશ તથા ભારતના સેલર અને બાયર્સ વચ્ચે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા બાંગ્લાદેશ ગારમેન્ટ મેન્યુફેકચરર્સ એન્ડ એકસપોર્ટર્સ એસોસીએશન સેતુની ભૂમિકા ભજવશે : આશીષ ગુજરાતી

## બાંગ્લાદેશ સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ સુધીમાં ગારમેન્ટ એન્ડ એપેરલ એકસપોર્ટનો ૮૦ બિલિયન યુએસ ડોલરનો ટાર્ગેટ હાંસલ કરવા માટે સુરતના કાપડ ઉત્પાદકો ઉપર દારોમદાર

**સુરત.** બાંગ્લાદેશ ગારમેન્ટ મેન્યુફેકચરર્સ એન્ડ એકસપોર્ટર્સ એસોસીએશનના વાઇસ પ્રેસિડેન્ટ મોહંમદ શાહીદુલ્લાહ અઝીમની આગેવાની હેઠળ બાંગ્લાદેશનું એક પ્રતિનિધી મંડળ સોમવાર, તા. ૨૧ માર્ચ, ૨૦૨૨

ના રોજ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની મુલાકાતે આવ્યું હતું. ચેમ્બરે સુરતના ટેકસટાઇલના ઉદ્યોગપતિઓ અને બાંગ્લાદેશના પ્રતિનિધી મંડળ વચ્ચે વાર્તાલાપનું આયોજન કર્યું હતું.

ચેમ્બરના પ્રમુખ આશીષ ગુજરાતીએ જણાવ્યું હતું કે, ભારતથી બાંગ્લાદેશ ખાતે કરવામાં આવતા કોમર્શિયલ એકસપોર્ટ ઉપર ૮૦ ટકા ડયૂટી લાગે છે. આથી તેમણે બાંગ્લાદેશના પ્રતિનિધી મંડળને પ્રથમ તો આ ડયૂટી હટાવવા માટે તેઓની સરકારને રજૂઆત કરવા માટે અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે કહયું હતું કે, આજે રૂબરૂ થયેલો વાર્તાલાપ આગળ પણ ઓનલાઇનના માઘ્યમથી સતત જારી રાખીશું અને બાંગ્લાદેશ તથા ભારતના બાયર્સ અને સેલર વચ્ચે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી તથા બાંગ્લાદેશ ગારમેન્ટ મેન્યુફેકચરર્સ એન્ડ એકસપોર્ટર્સ એસોસીએશન સેતુની ભૂમિકા ભજવશે. સાથે જ તેમણે ચેમ્બર દ્વારા યોજાનારા વિવનીટ એકઝીબીશન અને યાર્ન એકસ્પોમાં બાંગ્લાદેશના ગારમેન્ટ મેન્યુફેકચરર્સ સહિતના પ્રતિનિધી મંડળને આમંત્રણ આપ્યું હતું.

બાંગ્લાદેશ ગારમેન્ટ મેન્યુફેકચરર્સ એન્ડ એકસપોર્ટર્સ એસોસીએશનના વાઇસ પ્રેસિડેન્ટ મોહંમદ શાહીદુલ્લાહ અઝીમે જણાવ્યું હતું કે, ભારતમાં ઘણી વખત આવ્યા છે પણ સુરતમાં પ્રથમ વખત આવવાનું થયું છે. ભારતમાં સુરત એમએમએફ ટેકસટાઇલનું હબ છે તે તેઓને આજે ખબર પડી છે. અત્યાર સુધી તેઓ ભારતમાંથી કાપડ અનુક્રમે મુંબઇ, કોલકાતા, ચેન્નાઇ અને તિરુપુરથી આયાત કરતા હતા. પરંતુ સુરતની કેપેસિટી જોઇ હવે તેઓ સુરતથી જ કાપડ મંગાવશે તેવી બાંયધરી તેમણે આપી હતી. બાંગ્લાદેશ વિશ્વમાં બીજા નંબરનું સૌથી મોટું ગારમેન્ટ એકસપોર્ટર છે. વાર્ષિક ૪૦ બિલિયન યુએસ ડોલર જેટલું એકસપોર્ટ કરે છે. તેઓની સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ સુધીમાં ગારમેન્ટ એન્ડ એપેરલ એકસપોર્ટનો ટાર્ગેટ ૮૦ બિલિયન યુએસ ડોલરનો રાખવામાં આવ્યો છે અને તેઓને વિશ્વાસ છે કે તેઓ સરળતાથી તેને હાંસલ કરી લેશે. કારણ કે, તેઓના ગારમેન્ટ એન્ડ એપેરલનો વિકાસ દર વાર્ષિક ૪૦ ટકા જેટલો છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હાલમાં તેઓ ભારતમાંથી કોટન બેઇઝ્ડ કાપડની આયાત કરી રહયા છે. બાંગ્લાદેશ હાલ ભારતમાંથી વાર્ષિક ૨.૨ બિલિયન યુએસ ડોલરનું ટેકસટાઇલ આધારીત માલ–સામાન આયાત કરી રહયું છે, પરંતુ જે રીતે વૈશ્વિક સ્તરે એમએમએફ ટેકસટાઇલની માંગ વધી રહી છે તે જોતા બાંગ્લાદેશને ચોકકસપણે સુરત તરફ ઘ્યાન કરવું પડશે. તેમણે કહયું કે, બાંગ્લાદેશમાં નવેમ્બર– ૨૦૨૨ માં ફેશન વીક યોજાનાર છે. આ ફેશન વીકમાં બાંગ્લાદેશના મોટા ભાગના બાયર્સ ઉપસ્થિત રહેતા હોય છે. આથી તેમણે કાપડ બનાવતા સુરતના ઉદ્યોગપતિઓને તેઓની પ્રોડકટ આ ફેશન વીકમાં પ્રદર્શિત કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

બાંગ્લાદેશ ગારમેન્ટ મેન્યુફેકચરર્સ એન્ડ એકસપોર્ટર્સ એસોસીએશનની ટ્રેડ ફેર કમિટીના ચેરમેન મોહંમદ કમાલુદ્દીને પણ સુરતના ઉદ્યોગપતિઓને જરૂરી માહિતી પુરી પાડી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ વાર્તાલાપનું સંચાલન કર્યું હતું. આ વાર્તાલાપમાં સુરતના ટેકસટાઇલના ઉદ્યોગપતિઓ અને બાંગ્લાદેશ પ્રતિનિધી મંડળમાં સામેલ ગારમેન્ટ મેન્યુફેકચરર્સ વચ્ચે ફેસ ટુ ફેસ ચર્ચા કરવામાં આવી હતી. અંતે ચેમ્બરના ઉપપ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સર્વેનો આભાર માની વાર્તાલાપનું સમાપન કર્યું હતું.